બેડ અને શાપર ખાતે NDRF દ્વારા આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા ગ્રામજનો અને વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ

જામનગર : ભારત સરકારની આપત્તિ વ્યવસ્થાપન પાંખ NDRF દ્વારા જામનગર જિલ્લાના બેડ અને શાપર ગામ ખાતે વિશેષ તાલીમ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ સમયે જાન-માલનું નુકસાન ઘટાડવા અને ત્વરિત પ્રતિસાદ આપવા માટે ગ્રામજનો તેમજ શાળાના વિદ્યાર્થીઓને આધુનિક પદ્ધતિઓ દ્વારા સજ્જ કરવામાં આવ્યા હતા.

તાલીમ દરમિયાન NDRF ના નિષ્ણાંત જવાનો દ્વારા પૂર, વાવાઝોડું, ભૂકંપ અને આગ જેવી કટોકટીની સ્થિતિમાં બચાવ કામગીરી કેવી રીતે કરવી તેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક જીવનરક્ષક સારવાર આપવા માટેની CPR ટેકનિક અને પ્રાથમિક સારવાર અંગે પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પૂર જેવી સ્થિતિમાં ઘરમાં ઉપલબ્ધ સામાન્ય વસ્તુઓ જેમ કે ખાલી પ્લાસ્ટિકની બોટલો, કેન અને લાકડાના ઉપયોગથી કામચલાઉ તરતા સાધનો બનાવી કઈ રીતે જીવ બચાવી શકાય તે અંગે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

બેડ અને શાપર ગામની શાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન માટે વપરાતા અત્યાધુનિક સાધનોની ઓળખ કરાવી તેના કાર્ય વિશે સમજાવવામાં આવ્યું હતું.

NDRF ની ટીમે જણાવ્યું હતું કે, કોઈ પણ આપત્તિના સમયે સ્થાનિક લોકો 'ફર્સ્ટ રિસ્પોન્ડર' એટલે કે પ્રથમ સહાયક હોય છે, તેથી જો ગ્રામીણ સ્તરે આવી તાલીમ મળેલી હોય તો મોટી દુર્ઘટનાઓ ટાળી શકાય છે. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ, શિક્ષકો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને NDRF ની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

જામનગરના NCC કેડેટની દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરીની પરેડ માટે પસંદગી

જામનગર : આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના પ્રજાસત્તાક દિન નિમિત્તે દિલ્હીના ઐતિહાસિક કર્તવ્ય પથ પર યોજાનાર પરેડમાં જામનગરની આઈ.ટી.આઈ.ના તાલીમાર્થી અને NCC કેડેટ બાંભવા સોમ વિરમભાઈની પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ તેમણે સમગ્ર જામનગર જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.

આઈ.ટી.આઈ. જામનગરના મિકેનિક મોટર વેહિકલ ટ્રેડમાં અભ્યાસ કરતા અને ૨૭-ગુજરાત બટાલિયન NCC જામનગરના કેડેટ એવા બાંભવા સોમની પસંદગી તેમની સખત મહેનત અને શિસ્તને આધારે થઈ છે. આ ગૌરવવંતી પરેડમાં ભાગ લેવાની સાથે-સાથે તેમને રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન દ્વારા આયોજિત ખાસ ભોજન સમારંભ માટે પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે, જે એક કેડેટ માટે સર્વોચ્ચ સન્માન સમાન છે. કેડેટ બાંભવા સોમને આ સ્તર સુધી પહોંચાડવા માટે ૨૭-ગુજરાત બટાલિયનના NCC પી.આઈ. સ્ટાફ, સિનિયર કેડેટ્સ તથા લેફ્ટનન્ટ રમેશ જોષી દ્વારા અત્યંત સઘન તાલીમ આપવામાં આવી હતી.

આ સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રેડ ઇન્સ્ટ્રક્ટર પવન ગઢવી, પ્રિન્સિપાલ આર. એસ. ત્રિવેદી, પ્રિન્સિપાલ જે. આર. શાહ તેમજ ૨૭-ગુજરાત બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કર્નલ શોભા નાયર દ્વારા કેડેટ સોમને ઉષ્માભર્યા અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

સંરક્ષક દળોમાં ભરતી માટે નિઃશુલ્ક નિવાસી તાલીમ માટે અરજી કરવાની મુદત લંબાવાઈ

દ્વારકા : ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન આર્મી / એરફોર્સ / નેવી / અર્ધલશ્કરીદળો તથા પેરા મિલીટ્રી ફોર્સિસની ભરતી પૂર્વે શારીરિક/માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મુકવામાં આવેલ છે, જે અંતર્ગત ચાલુ વર્ષે યુવાનોના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કામમાં થાય તે માટે ૩૦ દિવસની એક નિવાસી તાલીમ વર્ગનું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવનાર છે.

આ તાલીમમાં જોડાવવા ઈચ્છુક દેવભૂમિ દ્વારકા જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારો પાસેથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી-દેવભૂમિ દ્વારકાને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, આધારકાર્ડ, ૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા.૨૦-૧૨-૨૦૨૫ સુધીમાં સ્વખર્ચે પોતાની સંમતી આપી જવા જણાવવામાં આવેલ હતું, જે તા.૧૫/૧/૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ છે.

આ તાલીમવર્ગ ખંભાળીયા ખાતે નિઃશુલ્ક યોજવામાં આવશે. રહેવા-જમવાનો ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે. આથી ૩૦ દિવસ રહેવાની તૈયારી સાથે આવવાનું રહેશે. તાલીમમાં જોડાવવા માટે શૈક્ષણિક લાયકાત ધો-૧૦માં ૪૫% સાથે અથવા ધો.૧૨ માં ૫૦% સાથે કોઈપણ પ્રવાહમાં પાસ કરેલ હોવા જોઈએ. ઉમેદવારની ઉંમર ૧૭.૫ થી ૨૩ વર્ષની વચ્ચે હોવી જોઈએ. તાલીમ વર્ગનો સમયગાળો ૩૦ દિવસનો રહેશે.

ઉમેદવારની શારીરિક યોગ્યતા માપદંડ ઉંચાઈ- ૧૬૨ સે.મી., વજન-૫૦ કિલોગ્રામ અને છાતી ફુલાવ્યા વગર ૭૭ સે.મી. અને ફુલાવેલ ૮૨ સે.મી. છે. આ તાલીમ વર્ગમાં શારીરિક યોગ્યતા તથા શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વગેરેની ભરતીને અનુરૂપ ફિઝીકલ તાલીમ આપવામાં આવશે.

અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણ ક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે. આ નિવાસી તાલીમવર્ગમાં આર્મીની પ્રથમ તબક્કાની લેખિત પરિક્ષા પાસ કરેલ ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

દ્વારકા ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા બાળકો માટે સંસ્કૃત વર્ગનું આયોજન

દ્વારકા : યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનો સાથે સંકળાયેલા શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત વ્યવસ્થાપક સમિતિ દ્વારા દર વર્ષે સામાજિક,શૈક્ષણિક, સહકારી, સેવાકીય અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં સનાતન ધર્મની સભ્યતા સંસ્કૃતિ ની જાળવણી માટે બ્રાહ્મણોના સંસ્કારો ના જતન માટે ૪ વર્ષથી ૧૫ વર્ષ સુધીના બાળકો તેમજ બાળાઓ માટે સંસ્કૃત વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લગભગ ૮૦ જેટલા બાળકો/ બાળાઓ ભાગ લઈ રહ્યા છે.

શ્રી સંકટનાશન ગણપતિ સ્તોત્ર,ભવાની અષ્ટક, વેદોના શ્રી સુક્તમ્,પુરુષ સુક્તમ્, ગણપતિ અથર્વશીર્ષ,શ્રીમદ ભગવદ ગીતા ૧૫ મો અધ્યાય ૧૨મો અધ્યાય,ભાગવત મહાપુરાણના ગોપીગીતમ, વેણુગીતમ્, નારાયણ કવચ,વિષ્ણુ સહસ્ત્ર,દેવી સ્તોત્રો, શિવ સ્તોત્રો,ભવિષ્ણુ સ્તોત્રો વગેરે આચાર્ય શ્રી સન્નીભાઈ(સન્નીગુરુ) પુરોહિત તથા આચાર્ય હિતાર્થભાઈ (શાસ્ત્રી)ભટ્ટના માર્ગદર્શન હેઠળ શીખવવામાં આવે છે.દરરોજ સાંજે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી બ્રહ્મપુરી ૧ પાસે આવેલ ધ્વજાજી પૂજન હોલ ખાતે આ આયોજનની શરૂઆત થઈ છે.મૂળ ઉદેશ બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય,બ્રાહ્મણી પરંપરા દ્વારા સનાતન ધર્મનું જતન થાય,બાળકો માતા-પિતા વડીલોનો આદર કરતા થાય,મોબાઈલ ફોનના ફાલતુ ઉપયોગ થી બચી શકે,બાળકો ના અભ્યાસ ની એકાગ્રતામાં વધારો થાય,ચંચળતા દૂર થાય વગેરે સદ હેતુથી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.અગાઉ ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંધ્યા વંદના વર્ગ તેમજ સમર કેમ્પ/વિન્ટર કેમ્પ જેવા સફળ કાર્યક્રમ બાદ બાળકોને સંસ્કૃત ક્ષેત્રમાં પારંગત કરવા ઝહેમત ઉઠાવવામાં આવી છે.વાલીઓનો પ્રતિસાદ કાર્યક્રમ પ્રત્યે સકારાત્મક રહ્યો છે દરરોજ અલગ અલગ યજમાનો દ્વારા બાળકોને અલ્પાહારની પણ સેવા આપવામાં આવે છે. જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય મંત્રી કપિલભાઈ વાયડા સહમંત્રી ચેતનભાઈ પુજારી તેમજ વ્યવસ્થાપક સમિતિ દ્વારા કાર્યક્રમની સફળ શરૂઆત બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

જામનગર જિલ્લામાં મકરસંક્રાંતિના તહેવારને અનુલક્ષીને હથિયારબંધી જાહેર

જામનગર : આગામી દિવસોમાં મકરસંક્રાંતિનો તહેવાર આવતો હોય જેને અનુલક્ષીને જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ(ઈ.ચા.) એસ.એમ.કાથડ, જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં આગામી તા.૩૧-૦૧-૨૦૨૬ સુધી હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ કોઈપણ વ્યક્તિએ શસ્ત્રા, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી તેમજ શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ધકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળાં દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલમાં પ્રવેશ કરવો-આવી તમામ પ્રવૃતિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

આ જાહેરનામાંનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા, ઓછામાં ઓછાં ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીઓ, હોમ ગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીશ્રીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજા, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય, પોલીસ અધિક્ષક અથવા તેમણે નિયુક્ત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલ હોય અને કિરપાણ રાખેલ શીખને લાગુ પડશે નહિ.

ગૌરવ સેનાની કુમાર છાત્રાલયમાં પ્રવેશ મેળવવા અંગે

દ્વારકા : પૂર્વ સૈનિકો અને સ્વ.સૈનિકોના ધર્મપત્નીઓના સંતાનો જે જેઓ સુરત ખાતે આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં ધોરણ ૮ કે તેથી ઉપરના ધોરણમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય અને તેમને રહેવા અને જમવા માટે અત્રેની કચેરી હસ્તકના ગૌરવ સેનાની ભવન ખાતે સૈનિક કુમાર છાત્રાલયનું નિર્માણ કરવામાં આવેલ છે. આ છાત્રાલયમાં એડમિશન મેળવવા ઈચ્છુક માતા પિતાઓએ અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી એડમિશન ફોર્મ મેળવી સત્વરે જમા કરાવવા તેમજ વધુ વિગત માટે ટેલિફોન નંબર ૦૨૬૧ ૨૯૧૩૮૨૦/૯૪૨૬૮૦૨૮૨૦ પર સંપર્ક કરવા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, સુરતની યાદીમાં જણાવાયું છે.

હાલારની જિલ્લા પંચાયતના કર્મીઓની જિલ્લાની બદલી

જામનગર : પંચાયત સેવા સંવર્ગના સીધી ભરતીના બિનરાજ્ય પક્ષીય કર્મચારીઓની ઓનલાઈન આંતર જિલ્લા ફેર બદલીના આદેશ થયા છે.

જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના તલાટી-કમ-મંત્રી સરવૈયા હિમતભાઈ દેવશીભાઈને સુરેન્દ્રનગરમાં, દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુનિયર ક્લાર્ક વાજા વિનોદકુમાર વજુભાઈને જૂનાગઢ, જામનગરથી લેબ ટેકનિશિયન ગુહાર ક્રિષ્ના સુરેશભાઈને કચ્છમાં, જામનગરના તલાટી-કમ-મંત્રી ગજ્જર ગોપીબેન સુરેશકુમારને પાટણ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુની. ફાર્માસીસ્ટ આરદેશાના જીગર નવીનચંદ્રને રાજકોટ, જામનગરથી જુની ફાર્માસીસ્ટ પરબતાણી અમરસીભાઈ ગુગાભાઈને સુરેન્દ્રનગરમાં, જામનગરના જુનિ. ફાર્માસીસ્ટ ડાંગર ધવલ ગોવિંદભાઈને જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કર બગડા વસંના દેવજીભાઈને જામનગર, તથા મઘોડિયા ભાવના શાંતિલાલને પણ જામનગર, જામનગરના જુનિ. ફાર્માસીસ્ટ રાણપરિયા ફેનીલ મનસુખભાઈને રાજકોટ, જામનગરના તલાટી-મંત્રી બગડા સીમા દિનેશભાઈને મોરબીમાં મૂકવામાં આવ્યા છે.

ઉપરાંત અન્ય જિલ્લામાંથી હાલારમાં પણ અમુક કર્મચારીની બદલી કરીને મૂકવામાં આવ્યા છે. જેમાં દાહોદનો સ્ટાફ નર્સ સોલંકી ઉમાંગ રવિન્દ્રભાઈને દાહોદના સ્ટાફ નર્સ પવાર કિરણબેન જગદીશભાઈને જામનગરમાં, નર્મદાથી સ્ટાફ નર્સ શમા શબાના નુરમામદભાઈને જામનગર, ડાંગથી મુખ્ય સેવિકા મોઢવાડિયા એન.એમ.ને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, દાહોદથી ગ્રામ સેવક કેશવાલા મિતલબેન જસંગભાઈને જામનગર, નવસારીથી ગ્રામ સેવક રામ વિપુલ કુમાર મંદનભાઈને જામનગર, મોરબીથી ગ્રામ સેવક આંબલિયા સંજયકુમાર માલદેભાઈને જામનગર, તાપીથી ગ્રામ સેવક પૂછડિયા કોમલ માલદેભાઈને જામનગર અને મજીઠિયા સોનાબેન ડાયાભાઈને જામનગર, નર્મદાથી જુનિ. ફાર્માસીસ્ટ ભારવડિયા મીના કાનાભાઈને જામનગરમાં, ભાવનગરથી

વિભાપર ખાતે સરકારી આયુર્વેદ દવાખાનાનું નિર્માણ થશે

જામનગર : જામનગર જિલ્લાના વિભાપર ગામે ગ્રામજનોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો કરવાના હેતુથી નવીન સરકારી આયુર્વેદ દવાખાનાનું નિર્માણ થશે.જેનુંધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર, નિયામક આયુષની કચેરી તથા જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગર દ્વારા સંચાલિત આ દવાખાનું આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

આ અંગે વિગતો આપતા જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.હિરેન ઠક્કરે જણાવ્યું હતું કે, જિલ્લા આયોજન કચેરી, જામનગરના વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ ૨૦૨૨-૨૩ અંતર્ગત ૧૫% વિવેકાધીન જોગવાઈ અન્વયે મંજૂર થયેલ રૂ૧૯.૯૪ લાખની ગ્રાન્ટ તથા વર્ષ ૨૦૨૫માં જિલ્લા પંચાયત, જામનગર સ્વભંડોળ દ્વારા મંજૂર કરવામાં આવેલ રૂ.૪.૦૪ લાખની ગ્રાન્ટ મળી કુલ રૂ. ૨૩.૯૮ લાખના ખર્ચે આ દવાખાનાનું નિર્માણ કરવામાં આવશે. જેના થકી આયુર્વેદિક ઉપચાર પદ્ધતિનો લાભ ગ્રામજનોને ઘર આંગણે જ મળતો થશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જામનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, વિભાપર ગ્રામ પંચાયતના સરપંચ હેમંતભાઈ પાંભર અને ઉપસરપંચ અસ્મિતાબેન વકાતર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ તાલુકા પંચાયત અધ્યક્ષ કુરજીભાઈ પણસારા, માજી સરપંચ માવજીભાઈ મેંદપરા સહિત ગ્રામ પંચાયતના સદસ્યો, વહીવટી અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આ અવસરે જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.હિરેન ઠક્કર, વિભાપર આયુર્વેદ દવાખાનાના મેડિકલ ઓફિસર ડો. અંકિતા સોલંકી તથા ફાર્માસિસ્ટ શ્રેયાબેન જાની સહિત જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

મારવાડી યુનિવર્સિટી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરશે

શિક્ષણ ક્ષેત્રમાં રૂ.૧,૦૦૦ કરોડના રોકાણ માટે ગુજરાત સરકાર સાથે એમઓયુનો પ્રસ્તાવ

જામનગર : વાઈબ્રન્ટ ગુજરાતની સફળ પરંપરાને આગળ ધપાવતા હવે રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટી ગુજરાત સરકાર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ફર્સ્ટઝ)'ની યજમાન બનવા જઈ રહી છે. આ સમિટ ૧૧થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાશે.

યુનિવર્સિટીએ આ અવસર સાથે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે એક મહત્ત્વાકાંક્ષી પહેલ પણ આગળ ધરી છે. મારવાડી યુનિવર્સિટીએ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને રૂ. ૧,૦૦૦ કરોડના રોકાણ માટેના સમજૂતીપત્ર (રૈં)નો પ્રસ્તાવ સોંપ્યો છે. આ પ્રસ્તાવિત રોકાણનો હેતુ સૌરાષ્ટ્ર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતને શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે વધુ પ્રતિષ્ઠિત બનાવવા માટે અદ્યતન શૈક્ષણિક માળખું ઊભું કરવાનો છે.

આ પ્રસ્તાવ અનુસાર યુનિવર્સિટી ખાતે નવી શૈક્ષણિક ઈમારતોનું નિર્માણ કરવામાં આવશે, જેમાં અદ્યતન લેબોરેટરીઝ, આધુનિક રમતગમત સુવિધાઓ અને નેક્સ્ટ-જનરેશન હોસ્ટેલ્સનો સમાવેશ થશે. તેની સાથે નવીન વિચારો અને ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપવા માટે ૧૦,૦૦૦ ચોરસ ફૂટનું 'ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ કેન્દ્ર' સ્થાપવામાં આવશે. વર્કિંગ પ્રોફેશનલ્સ અને આંત્રપ્રિન્યોર્સ માટે કૌશલ્ય-વર્ધન તેમજ અપસ્કિલિંગને લક્ષ્યમાં રાખીને સતત શિક્ષણ (કન્ટિન્યુઈંગ એજ્યુકેશન) માટે અલગ શૈક્ષણિક બ્લોકની પણ યોજના છે.

વોકલ ફોર લોકલ થીમને કેન્દ્રમાં

રાખીને, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ગુજરાતના ચાર ઝોન—ઉત્તર, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં યોજાશે. આ સમિટમાં જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ્સ સહિતના દેશોમાંથી વૈશ્વિક ભાગીદારી અપેક્ષિત છે. આ ઉપરાંત જેટ્રો, આઈસીઆઈબીસી (જાપાન), યુએસઆઈએસપીએફ (જીજીઢ), વર્લ્ડ બેંક તેમજ રશિયન ફેડરેશન જેવી સંસ્થાઓ પણ જોડાવાની શક્યતા છે.

આ અંગે ખુશી વ્યક્ત કરતા મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું કે, "કચ્છ–સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું યજમાન બનવું અમારા માટે ગૌરવની વાત છે. ઈનોવેશન, ઉદ્યોગ સાથેની ગાઢ ભાગીદારી અને કૌશલ્ય વિકાસના મૂલ્યો પર આધારિત સંસ્થા તરીકે અમે સ્થાનિક ઉદ્યોગો, સ્ટાર્ટ-અપ્સ, સરકારી વિભાગો અને વૈશ્વિક રોકાણકારો વચ્ચે સહકાર વધારતું મંચ પૂરું પાડવા પ્રતિબદ્ધ છીએ. ગુજરાતની વિકાસ ગાથામાં સતત ભાગીદાર બનીને 'વિકસિત ભારત'ના દ્રષ્ટિકોણમાં યોગદાન આપવાનું અમારું લક્ષ્ય છે."

મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ આર.બી. જાડેજાએ જણાવ્યું હતું કે, "ગુજરાતની પ્રગતિ અને વિકાસ ભારતજ૨૦૪૭ના વિશાળ વિઝનમાં યોગદાન આપવાનો અમને ગર્વ છે. ફર્ઇઝ સ્થાનિક સંભાવનાઓને વૈશ્વિક તકો સાથે જોડવાની સાચી ભાવનાને મૂર્તિમંત કરે છે. આ કાર્યક્રમનું આયોજન કરવું, અને ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને સમાવિષ્ટ વિકાસ એન્જિન તરીકે ઉભરવામાં યોગદાન આપવાની અમારી પ્રતિબદ્ધતા છે."

બે દિવસીય પરિસંવાદ દરમિયાન ભાગીદારો માટે સેમિનારો, પ્રદર્શન, રૈં પર હસ્તાક્ષર, ૪૨૪ તથા ૪૨૨ બેઠકો ખરીદદારો–વેચાણકારો અને વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમોનું આયોજન થશે. ચર્ચાના મુખ્ય વિષયોમાં કૃત્રિમ બુદ્ધિ (છેં), ડિજિટલ માર્કેટિંગ, ટકાઉ વિકાસ, પરિભ્રમણ અર્થતંત્ર (સર્કયુલર ઇકોનોમી), ઓટો અને પ્રિસિઝન એન્જિનિયરિંગ સહિતના ક્ષેત્રો સામેલ રહેશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'ની ૧૦ સફળ આવૃત્તિઓની પરંપરાથી પ્રેરિત આ પરિસંવાદ ગુજરાતને વૈશ્વિક રોકાણ કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવવા અને રાજ્યના કુલ આર્થિક વિકાસને નવી ગતિ આપવા સજ્જ છે. એમએસએમઈ, સ્ટાર્ટ-અપ, કૌશલ્ય વિકાસ, પર્યટન, સંસ્કૃતિ અને ખાદ્ય પ્રક્રિયા જેવા મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન સાથે આ પરિસંવાદ વિકસિત ભારતજ૨૦૪૭ અને વિકસિત ગુજરાતજ૨૦૪૭ના દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે.

સલાયામાં બીઓબીની બ્રાંચમાં કેસ ઉપાડવામાં ગ્રાહકોને પડતી હાલાકી

સલાયા : સલાયામાં એકમાત્ર રાષ્ટ્રીયકૃત બેંક બેંક ઓફ બરોડા આવેલ છે. જેમાં સલાયાના મોટાભાગના લોકોના સેવિંગ અને કરંટ એકાઉન્ટો આવેલ છે. સૌથી વધુ બેંક એકાઉન્ટો આ બેન્કમાં જ આવેલ છે.

જેમાં લોકોને એક અથવા બે લાખ જેટલા પૈસા ઉપાડવામાં પણ બે થી ત્રણ દિવસની રાહ જોવી પડે છે. બેંકના અધિકારીઓએ સાથે વાત કરતા જણાવાઈ છે કે આ બેન્કની કેસ રાખવાની લિમિટ બહુ ઓછી હોવાથી આ તકલીફ પડી રહી છે. તો બ્રાન્ચ દ્વારા ઉચ્ચ કક્ષાએ સબંધિત અધિકારીઓ પાસે વધું કેસ રાખવાની છૂટ મળે એવા પ્રયત્નો કરવા જોઈએ પરંતુ એ ના થતા હોય જેનો ભોગ ગ્રાહકોએ બનવું પડે છે. હાલમાં જ સલાયા પાસેના ગામમાંથી એક ખેડૂત દ્વારા એના ખાતામાંથી એક લાખ રૂપિયા ઉપાડવા જતા એમને બે થી ત્રણ દિવસનુ કહેતા ખેડૂત મૂંઝાયો હતો.ખેડૂતોને ભાગિયાઓને આપવાના થતા પૈસા સમયે ચૂકવવાના હોય છે જેથી ખુબજ રિક્વેસ્ટ બાદ માત્ર ૨૦ હજાર જેટલા પૈસા આપેલ હતા. આટલી મોટી રાષ્ટ્રીયકૃત બેંકમાં જો ખેડૂતોને પોતાના પૈસા ઉપાડવામાં મુશ્કેલી પડે એ આજના જમાનામાં બહુ ખરાબ કહેવાઈ.અધિકારીઓને રજૂઆત કરતા એમના દ્વારા પણ ઉદ્ધતાઈ ભર્યું વર્તન થતાં ખેડૂતે રિજિયોનલ ઓફિસે ફરિયાદ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.